# રાજકોટ મહાનગરપાલિકા

ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧

-: અખબારી યાદી:-

# રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ભગવતીપરામાં બનાવવામાં આવનાર નવી સ્કુલ અને આવાસ યોજના સ્માર્ટ ઘર ૫ – ૬ની ચાલુ કામગીરી નિહાળતા મ્યુનિ. કમિશનરશ્રી અમિત અરોરા

આવાસ યોજના સ્માર્ટ ઘર ૫ – ૬ની હાલ ૯૦% કામગીરી પૂર્ણ: ૨૧૨૮ આવાસ અને ૬૫ દુકાનો બનાવવામાં આવ્યા:

તારીખ: ૩૦-૧૧-૨૦૨૧

રાજકોટ શહેરને સુંદર અને સુવિધા સજ્જ બનાવવાના હેતુથી શહેરમાં ચાલુ પ્રોજેક્ટની દિવસ રાત કામગીરી કરવામાં આવી રહી છે. આજે તા. ૩૦-૧૧-૨૦૨૧ના રોજ મ્યુનિ. કમીશનરશ્રી અમિત અરોરાએ ભગવતીપરામાં બનાવવામાં આવી રહેલ નવી સ્કુલ અને ભગવતીપરામાં જ બનાવવામાં આવતી આવાસ યોજના સ્માર્ટ ઘર ૫ – ૬ની ચાલુ કામગીરી નિહાળી હતી. આવાસ યોજનાનો વહેલીતકે લોકો લાભ લઇ શકે તે માટે ઝડપી કામગીરી પૂર્ણ કરવા સંબધિત અધિકારીને સુચના આપી હતી.

ભગવતીપરામાં આશરે ૧૭ કરોડના ખર્ચે નવી સ્કુલ બનાવવામાં આવી રહી છે. જેમાં સ્પોર્ટ્સને ધ્યાનમાં રાખીને સ્કુલ બનાવવામાં આવી રહી છે. દરેક ખેલ માટે ગ્રાઉન્ડ બનાવવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

તેમજ ભગવતીપરા ટી.પી.સ્કીમ ૩૧માં બનાવવામાં આવનાર આવાસ યોજના સ્માર્ટ ઘર ૫ – ૬ની હાલ ૯૦% કામગીરી પૂર્ણ થયેલ છે. અંદાજિત ૨ મહિનામાં કામગીરી પૂર્ણ થઇ જશે. આ આવાસ યોજનામાં ૨૧૨૮ આવાસ અને ૬૫ દુકાનો બનાવવામાં આવ્યા છે.

વિઝિટ દરમ્યાન મ્યુનિ. કમિશનરશ્રી અમિત અરોરા સાથે સિટી એન્જી. (સ્પે.) શ્રી અલ્પના મિત્રા, સિટી એન્જી. શ્રી વાય. કે. ગૌસ્વામી, પી.એ.(ટેક)ટુ કમિશનરશ્રી રસિક રૈયાણી, ડી.ઇ.ઇ. શ્રી ભાવેશ ધામેચા, એ.ઇ. શ્રી સૌરવ વ્યાસ અને શ્રી સીતાપરા હાજર રહ્યા હતા.

(જન સંપર્ક અધિકારી)
રાજકોટ મહાનગરપાલિકા